DORMER PRAMET

# પર્યાવરણ, આરોગ્ય અને સલામતી પોલિસી

ડોર્મર પ્રામેટ મેટલ કટીંગ ટૂલ્સની સંપૂર્ણ શ્રેણી વિકસાવે છે, તેનું ઉત્પાદન કરે છે અને વૈશ્વિક સ્તરે ગ્રાહકોને સપ્લાય કરે છે. અમે ગ્રાહકોને અમારા ચેનલ ભાગીદારો દ્વારા તેમની સમસ્યાઓના ઉકેલો પહોંચાડીએ છીએ અને લાંબા ગાળાની ભાગીદારી બનાવવામાં, એક્સપર્ટાઇઝ શેર કરવામાં અને દરેક સમયે ગ્રાહકો માટે ઉપલબ્ધ રહેવામાં માનીએ છીએ. **અમારૂ વચન ફક્ત વિશ્વસનીય બનવાનું છે.**

આ પોલિસી તમામ કાર્યરત પર્યાવરણીય, આરોગ્ય અને સલામતી (EHS) પ્રવૃત્તિઓને લાગુ પડે છે. આમાં ડોર્મર પ્રામેટ દ્વારા બજારમાં પ્રદાન થતી તમામ આંતરિક કામગીરી તથા બાહ્ય સેવાઓ જેવી કે સેલ્સ અને સર્વિસીસ નો પણ સમાવેશ થાય છે અને ડોર્મર પ્રામેટ સંસ્થાઓના તમામ કર્મચારીઓ, કરાર કરાયેલા કામદારો અને મુલાકાતીઓને આવરી લે છે.

---

## પર્યાવરણ

ડોર્મર પ્રામેટ પર્યાવરણનું રક્ષણ કરવા પ્રતિબદ્ધ છે. આ હાંસલ કરવા માટે, અમારી પાસે પર્યાવરણીય અને આબોહવા પરિવર્તન વ્યૂહરચના છે જેમાં ઊર્જા અને કુદરતી સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ, પુનઃઉપયોગ, રિસાયકલિંગ અને મટીરીઅલ રિકવરી તથા પ્રદૂષણ અને અન્ય પર્યાવરણીય નુકસાનને રોકવા માટેના કાર્યનો સમાવેશ થાય છે.

## આરોગ્ય અને સલામતી.

ડોર્મર પ્રામેટ તંદુરસ્ત અને સલામત કાર્યસ્થળો પ્રદાન કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશે. અમે ઇજાઓ અને માંદગીઓ ઘટાડવાનું સતત ચાલુ રાખીશું તથા અમારા કર્મચારીઓને આરોગ્ય અને સુખાકારી માટેની પ્રવૃત્તિઓમાં સામેલ કરીશું.

Šumperk Czech Republic, 1. 4. 2022

## કાનૂની પાલન

ડોર્મર પ્રામેટ પર્યાવરણીય, આરોગ્ય અને સલામતીને લગતી કાનૂની અને અન્ય જરૂરિયાતોના પાલન માટે પદ્ધતિસર નો અભિગમ લેવાનું સતત ચાલુ રાખશે.

## સતત સુધારો

પર્યાવરણ, આરોગ્ય અને સલામતીના મુદ્દાઓ સંપૂર્ણપણે ડોર્મર પ્રામેટની કામગીરીમાં સંકલિત છે અને અમે 'સક્રિય, હિંમતવાન અને દૃશ્યમાન' EHS નેતૃત્વ અને મજબૂત EHS સંસ્કૃતિ વિકસાવી સતત સુધારો હાંસલ કરીશું. આમાં કામદારોનો પરામર્શ અને ભાગીદારી અને જ્યાં લાગુ પડે ત્યાં કામદારોના પ્રતિનિધિઓનો સમાવેશ થશે. ઉદ્દેશો અને લક્ષ્યોને સ્થાનિક EHS યોજનાઓમાં સમાવવામાં આવશે અને તેઓનો અમલ થાય તેની ખાતરી કરવા માટે શરૂઆતથી અંત સુધી તેઓનુ મોનીટરીંગ કરવામાં આવશે. શ્રેષ્ઠ પ્રયાસો વિકસાવવામાં આવશે અને સમગ્ર કંપનીમાં શેર કરવામાં આવશે.

Ondřej Balabuch
Head of QEHS and Sustainability

Eduardo Martin
President